Vol. 7, Issue: 1, January: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

# પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષના સંદર્ભમાં અભ્યાસ

અરવિંદ એન.રાઠોડ
પીએચ.ડી.સંશોધક,
શિક્ષણશાસ્ત્ર વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર

ડૉ.નીલેશ.એસ.પંડયા
પીએચ.ડી. માર્ગદર્શક અને
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## ૧. પ્રસ્તાવના

વર્તમાન સમયમાં ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન ખુબજ જટિલ બનતું જાય છે (વ્યાસ, ૨૦૦૨). સામાજિક, આર્થિક અને ટેકનોલોજીના વિકાસથી શૈક્ષણિક વાતાવરણમાં ઝડપી બદલાવ આવ્યો છે. સંસ્થાઓની વધતી જતી સંખ્યા અને મોટું કદ આ બંને બાબતોને કારણે નવા નવા પ્રશ્નો સામે આવ્યા છે (સ્ટોનર, ફ્રીમેન, ગિલ્બર્ટ, ૧૯૯૮). સંસ્થાની સમાજ વિશેના પ્રશ્નોને ધ્યાનમાં લઈ નેતૃત્વ કરનારે સુક્ષ્મ, નિર્ણાયક અતિ મહત્વની ભૂમિકા નિભાવવાની છે. તેથી વર્તમાન સમયમાં શૈક્ષણિક સંસ્થાઓની ગુણવત્તા બાબતે આચાર્યોની નેતૃત્વશૈલી, સંચાલકીય કૌશલો, કાર્યસંતોષ, અને તેના તનાવ વ્યવસ્થાપન સંદર્ભે વિચારવું તે અગત્યનું બન્યું છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અભિવૃદ્ધિ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા સતત અને અથાગ પ્રયત્નો થઇ રહ્યા છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વિવિધ યોજનાઓ, નીતિ – નિયમો, નુતન અભિગમો અને પ્રવાહો, અભ્યાસક્રમ સુધારણા, તાલીમો, વગેરેમાં સતત પ્રયત્નશીલ અને પ્રયોગશીલ છે. જેની ફલશ્રુતિ સ્વરૂપે ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાની શૈક્ષણિક, ભૌતિક અને સહભ્યાસક પ્રવૃતિઓને કેન્દ્ર સ્થાને રાખીને વર્ષ ૨૦૧૦ થી શરુ કરી દર વર્ષે ગુણોત્સવ કાર્યક્રમ અમલી બનાવ્યો છે. જેની નોંધ ભારત સરકારના પ્લાનિંગ અને કમીશનની ૧૨મી પંચવર્ષીય યોજનાના ડોક્યુમેન્ટમાં પણ એક સાફલ્યગાથા સ્વરૂપે લેવાઈ છે.

## ૨. સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધાનનું શિર્ષક નીચે મુજબ શબ્દબદ્ધ કરવામાં આવશે.

"પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો મુખ્ય શિક્ષકોનાં સંચાલકીય કૌશલો, કાર્યસંતોષ અને તણાવનાં સંદર્ભમાં અભ્યાસ"

## ૩. પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

### *૩.૧ પ્રાથમિક શાળા*

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળા એટલે ગુજરાત રાજ્યની ધોરણ ૧ થી ૮ની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળા.

### *૩.૨ મુખ્ય શિક્ષકો*

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય શિક્ષક એટલે ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓમાં વહીવટી અને શૈક્ષણિક વ્યવસ્થાપન માટે નિયુક્ત કરેલ કર્મચારીઓ.

### *૩.૩ કાર્યસંતોષ*

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય શિક્ષકોએ વ્યવસાયિક સંતોષ સંશોધનીકા પર મેળવેલ પ્રાપ્તાંકો એટલે વ્યવસાયિક સંતોષ.

### ૩.૪ સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબના છે.

1. પ્રાથમિક શાળાઓના મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ કરવો.
2. પ્રાથમિક શાળાઓના મુખ્યશિક્ષકોના કાર્યસંતોષ માપન માટેના ઉપકરણ 'મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી'નું નિર્માણ કરવું.
3. પ્રાથમિક શાળાઓના મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ મુખ્યશિક્ષકોની જાતીયતાના સંદર્ભે કરવો.
4. પ્રાથમિક શાળાઓના મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ મુખ્યશિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભે કરવો.
5. પ્રાથમિક શાળાઓના મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ શાળાઓના વિસ્તાર સંદર્ભે કરવો.
6. પ્રાથમિક શાળાઓના મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ શાળાઓના મુખ્યશિક્ષકોના અનુભવ સંદર્ભે કરવો.

### ૪. અભ્યાસના ચલો

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલો નીચે પ્રમાણે છે.

#### *૪.૧ સ્વતંત્ર ચલ*

| ચલ | મુખ્ય શિક્ષક |
|---|---|
| જાતિ | સ્ત્રી અને પુરુષ |
| શૈક્ષણિક લાયકાત | PTC+સ્નાતક (નિમ્ન), સ્નાતક+B.Ed., M.Ed.(ઉચ્ચ) |
| વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર |
| અનુભવ | ૫ વર્ષથી વધુ અને ૫ વર્ષથી ઓછો અનુભવ |

#### *૪.૨ પરતંત્ર ચલ*

મુખ્યશિક્ષકોનો કાર્યસંતોષ

### ૫. સંશોધનની ઉત્કલ્પના

$Ho_1$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિની કોઈ સાર્થક અસર નહીં હોય.

$Ho_2$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે શૈક્ષણિક લાયકાતની કોઈ સાર્થક અસર નહીં હોય.

$Ho_3$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે વિસ્તારની કોઈ સાર્થક અસર નહીં હોય.

$Ho_4$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ૫ વર્ષથી વધુ અને ૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે શૈક્ષણિક અનુભવની કોઈ સાર્થક અસર નહીં હોય.

### ૬. સંશોધનનું સીમાંકન

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્ય સરકાર અને પ્રાથમિક શિક્ષણ દ્વારા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકના કાર્યસંતોષની ગુણવત્તા બાબતે શાળાની શૈક્ષણિક, ભૌતિક અને સહભ્યાસક પ્રવૃત્તિઓ વગેરે સંબંધિત પાસાંઓને આવરી લેવામાં

આવ્યાં હતાં. આ પાસાંઓ ઉપરાંત શિક્ષણમાં સંપૂર્ણ વ્યવસ્થાપન (TQM) સંબંધિત અન્ય પાસાઓ જેવાંકે; શૈક્ષણિક આયોજન અને અમલીકરણ, નેતૃત્વમાં સર્વોપરિતા, સહભાગીદારીતા, વર્ગ વ્યવહાર, સંસ્થાકીય ભાવાવરણ, આધુનિકીકરણનો સ્વીકાર, શાળાનું વિઝન અને મિશન, આરોગ્ય વિષયક સુવિધાઓ, શાળાનું શિક્ષણકાર્ય અને મૂલ્યાંકન, શિક્ષણમાં નવવિચાર અને પ્રયોગશીલતા, શાળા વ્યવસ્થાપન અને સંચાલન વગેરે કેન્દ્રસ્થ રાખી સંશોધક દ્વારા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલીની રચના અને યથાર્થીકરણ કરવામાં આવ્યું હતું. તેની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા ચકાસવામાં આવી હતી. તેમજ પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓ અને તેમના મુખ્ય શિક્ષકો પુરતો જ માર્યાદિત રહેશે.

### ૭. સંશોધનનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધન દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૨થી નિયુક્ત મુખ્ય શિક્ષકોની વહીવટી, સંચાલકીય, વ્યવસ્થાપકીય કુનેહ અને આવડત અને કાર્યસંતોષની પ્રાથમિક શાળાઓની ગુણવત્તા પર અસરકારકતા જાણી શકાશે. તેમજ ગુજરાત સરકાર અને પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓ અને શિક્ષણની ગુણવત્તા સુધારણા અંગે સતત અને અથાગ ચાલતા પ્રયત્નો અને પ્રયોગોમાં સંશોધનનો આધાર મળી રહેશે અને પરિણામોનો ઉપયોગ તેની ભાવી નીતિ–નિયમો અને આયોજનોમાં ઉપયોગી બની રહેશે. તેમજ શાળાઓ, મુખ્ય શિક્ષકો, અને સંશોધકોને ઉપયોગી નીવડશે.

### ૮. સંશોધન ક્ષેત્ર

શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન તથા શૈક્ષણિક મનોવિજ્ઞાન

### ૯. સંશોધન પ્રકાર

વ્યવહારુ સંશોધન

### ૧૦. સંશોધનની પદ્ધતિ

સર્વેક્ષણ

### ૧૧. યોજના

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તર ગુજરાતની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ અંગેનો અભ્યાસ કરવાનો હોવાથી સંશોધક મુખ્ય શિક્ષક કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી ઉપકરણ વડે સર્વેક્ષણ દ્વારા માહિતીનું એકત્રીકરણ કરી ગાણિતિક અંકશાસ્ત્રીય પદ્ધતિ અને કોમ્પ્યુટર પ્રોગ્રામ SPSS વડે માહિતીનું પૃથક્કરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

### ૧૨. વ્યાપ વિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તર ગુજરાતની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓ અને તેના મુખ્ય શિક્ષકો છે.

### ૧૩. નિદર્શ

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તર ગુજરાતની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓમાંથી તેના જિલ્લાઓ મુજબ કુલ શાળાઓમાંથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી સહેતુક નમૂના પસંદગીની રીતે જેમાં મુખ્ય શિક્ષક હતા, તેવી ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કુલ 40 શાળાઓ અને તે દરેક શાળામાં કાર્યરત 40 મુખ્ય શિક્ષકોનો નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

**૧૪. ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ કરવા માટે અભ્યાસક દ્વારા નીચે દર્શાવેલ સ્વ-રચિત ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું.

- મુખ્ય શિક્ષક કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી

**૧૫. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના વિશ્લેષણ અને અર્થઘટન માટે એકત્રિત કરેલ માહિતીના પ્રાપ્તાકો પરથી આવૃત્તિ વિતરણ તૈયાર કરી મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ અને t-મૂલ્ય શોધવામાં આવ્યું હતું.

**$H_{01}$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિની કોઈ સાર્થક અસર નહીં હોય.**

**સારણી :1 ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| સ્ત્રી | 20 | 120.63 | 8.69 | 2.18 | 1.02 |
| પુરુષ | 20 | 123.54 | 9.06 | | |

સારણી-1 માં દર્શાવ્યા પ્રમાણે **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોના** મધ્યક અનુક્રમે 120.63 અને 123.54, પ્રમાણ વિચલન 8.69 અને 9.06 પ્રમાણભૂલ 2.18 તેમજ t-મૂલ્ય 1.02 આવેલ છે.જે 0.05ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 1.96 કરતાં ઓછું છે. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. આમ, **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ**માં તફાવત જોવા મળતો નથી.

**$H_{02}$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે શૈક્ષણિક લાયકાતની કોઈ સાર્થક અસર નહીં હોય.**

**સારણી :3 ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| શૈક્ષણિક લાયકાત | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ઉચ્ચ શૈક્ષણિક લાયકાત | 16 | 110.26 | 10.89 | 5.63 | 4.29 |
| નિમ્ન શૈક્ષણિક લાયકાત | 24 | 90.85 | 12.45 | | |

સારણી-3માં દર્શાવ્યા પ્રમાણે **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના** કાર્યસંતોષ માપદંડના મધ્યક અનુક્રમે 110.26 અને 90.85,પ્રમાણ વિચલન 10.89 અને 12.45 પ્રમાણભૂલ 5.63 તેમજ t-મૂલ્ય 4.29 આવેલછે. જે 0.01ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 2.58 કરતાં વધુ છે. આ તફાવત **ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોની તરફેણમાં છે.** આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી,**ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષમાં સાર્થક રીતે વધારો** જોવા મળે છે.

**$H_{03}$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે વિસ્તારની કોઈ સાર્થક અસર નહીં હોય.**

**સારણી :3 ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ગ્રામ્ય અને શહેરી વિસ્તારના મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | 20 | 128.63 | 12.89 | 3.18 | 6.33 |
| શહેરી | 20 | 134.16 | 20.18 | | |

સારણી-3 માં દર્શાવ્યા પ્રમાણે **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના** કાર્યસંતોષ માપદંડના મધ્યક અનુક્રમે 128.63 અને 134.16, પ્રમાણ વિચલન 12.89 અને 20.18 પ્રમાણભૂલ 3.18 તેમજ t-મૂલ્ય 6.33 આવેલ છે. જે 0.01ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 2.58 કરતાં વધારે છે. આ તફાવત **શહેરી વિસ્તારના મુખ્ય શિક્ષકોની તરફેણમાં છે.** આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શહેરી વિસ્તારની શાળાઓના મુખ્ય શિક્ષકોનો** કાર્યસંતોષ **ગ્રામ્ય વિસ્તારની શાળાઓના મુખ્ય શિક્ષકો** કરતાં સાર્થક રીતે વધુ જોવા મળે છે.

**$H_{04}$ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ૫ વર્ષથી વધુ અને ૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે શૈક્ષણિક અનુભવની કોઈ સાર્થક અસર નહીં હોય.**

**સારણી :4 ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ માપન અભિપ્રાયવલી પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| શૈક્ષણિક અનુભવ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ૫ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ | 22 | 123.69 | 13.69 | 5.98 | 6.28 |
| ૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ | 18 | 110.25 | 15.98 | | |

સારણી-4માં દર્શાવ્યા પ્રમાણે **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ૫ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ અને ૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના** કાર્યસંતોષ માપદંડના મધ્યક અનુક્રમે 123.69 અને 110.25 પ્રમાણ વિચલન 13.69 અને 15.98 પ્રમાણભૂલ 5.98 તેમજ t-મૂલ્ય 6.28 આવેલછે. જે 0.01ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 2.58 કરતાં વધુ છે. આ તફાવત **૫ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોની તરફેણમાં છે.** આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આમ, **ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ કરતાં ૫ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ** સાર્થક રીતે વધુ જોવા મળે છે.

### ૧૧. તારણો

1. ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. એટલેકે, સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોનો કાર્યસંતોષ એકસમાન છે.
2. ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષમાં સાર્થક રીતે વધારો જોવા મળે છે.

3. ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શહેરી વિસ્તારની શાળાઓના મુખ્ય શિક્ષકોનો કાર્યસંતોષ ગ્રામ્ય વિસ્તારની શાળાઓના મુખ્ય શિક્ષકો કરતાં સાર્થક રીતે વધુ જોવા મળે છે.
4. ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત ૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ કરતાં ૫ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા મુખ્ય શિક્ષકોના કાર્યસંતોષ સાર્થક રીતે વધુ જોવા મળે છે.

## ૧૨. ઉપસંહાર

પ્રાથમિક શાળાઓમાં કાર્યરત કર્મચારીઓનો કાર્યસંતોષ જેટલો ઊંચો હશે તેટલો સારી રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણકાર્ય કરી શકાશે. કર્મચારીઓનો કાર્યસંતોષ વધારે હશે તો વ્યવસાય સાથે સંકળાયેલા કર્મચારીઓના કુટુંબને, સમાજને અને રાષ્ટ્રને તેનો ફાયદો થાયછે. કર્મચારી જો પોતાના કાર્યથી સંતોષ મેળવશે તો તેના વ્યક્તિગત જીવનપર સારી અસર જોવા મળશે.

## સંદર્ભ સૂચિ


1. ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
2. આચાર્ય,મોહિની. (૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ : અક્ષર પબ્લિકેશન
3. જોષી, એચ. ઓ. (૨૦૦૯). કસોટી સંરચના. રાજકોટ : સ્વ. ડૉ. હરિભાઈ જી. દેસાઈ મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ.
4. દેસાઈ, કે. જી. અને દેસાઈ, એચ. જી. (૧૯૭૮). શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શનની પ્રવિધિ